# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ક્વા-૨/૧૯-૨૦/૬૧૩૨–૫** **તા.૧૧–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૦/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **રમેશભાઈ વલ્લભભાઇ પટેલ** ગામ: **જામનગર**

રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **શહેર-૨ જામનગર**

રજૂઆત કરનાર: નાયબ ઈજનેર – ટેક- એમ. વિ. શેઠ પીજીવીસીએલ વિભાગીય કચેરી – **શહેર-૨ જામનગર અને**
**ભાવિનભાઈ જે. કોટેચા** - **સી. આસી.** - પીજીવીસીએલ વિભાગીય કચેરી – **શહેર-૨ જામનગર**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી

તારીખ: ૦૪-૦૯-૨૦૧૯ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રમેશભાઈ વલ્લભભાઇ પટેલ ગામ -જામનગર, તેઓની અરજીના નોંધણી નં: ૨૦/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓએ ખંભાળીયા રોડ ઉપર – કબીર બાગ– માં સીંગલ ફેઇઝ ટેમ્પરરી જોડાણ ની અરજી કરેલ હતી. જેમા તેઓએ રૂ.૧૦,૦૦૦/– રસીદ નંબરઃ ૩૩૭૧૨૨ તા.૦૧–૧૨–૧૮ ના રોજ ડિપોઝીટ ભરેલ હતી. ત્યારબાદ, થ્રી ફેઇજ જોડાણ સદર જગ્યાએ મેળવવા માટે – ટેમ્પરરી જોડાણ રદ કરી અને થ્રી ફેઇજ ટેમ્પરરી મીટર ની ( જોડાણની) ડિપોઝીટ પેટે રૂ.૩૦,૦૦૦/– રસીદ નંબરઃ ૩૩૭૭૮૩ તા.૦૬–૧૨–૧૮ ના રોજ ભરપાઈ કરેલ છે. તેઓએ તા.૨૪–૧૨–૧૮ ના રોજ બન્ને ડિપોઝીટ રીફંડ માટે ની અરજી કરેલ – પરંતુ તેઓને આજદિન સુધી રીફંડ મળેલ ન હોવાથી – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદાર શ્રી રમેશભાઇ વલ્લભભાઇ પટેલ દ્વારા** ટેમ્પરરી વીજજોડાણ પેટે રૂ.૧૦,૦૦૦/– ભરપાઈ કરેલ હતા. ત્યારબાદ, થ્રી ફેઇઝ ની જરૂરીયાત હોવાથી રસીદ નંબરઃ ૩૩૭૭૮૩ થી રૂ.૩૦,૦૦૦/– તા. ૦૬–૧૨–૧૮ થી ભરપાઈ કરેલ. તા.૧૮–૧૨–૧૮ થી સદર વીજજોડાણ ઉતારવામા આવેલ હતુ. સીસ્ટમની એરર ને કારણે ડિપોઝીટ આપવામા વિલંબ થયેલ છે. અરજદાર ની તા.૦૫–૦૮–૧૯ ના રોજ ચેક નં. ૧૦૪૪૫૯ થી રૂ.૨૬,૧૫૪/– રીફંડ અપાયેલ છે. જે અન્વયે અરજદાર ને **હવે કોઇ ફરિયાદ રહેતી નથી તે બાબત લેખિત બાહેંધરી અરજદાર દ્વારા** તા. ૦૬–૦૮–૧૯ થી પેટા વિભાગીય કચેરી ને આપેલ છે. અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ થતા - અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા. ૦૬–૦૮–૧૯ થી રજુ કરાયેલ છે.**

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય,** અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |